# સ્વતંત્રતા દિને ગુજરાતના ૧૯ પોલીસને રાષ્ટ્રપતિ મેડલ મળશે

## સરાહનીય કામગીરી બદલ ગાંધીનગર રેન્જ ડીઆઈજીપી રાજીવ રંજન ભગતને મેડલ

ગાંધીનગર, તા.૧૪

૧૫મી ઓગષ્ટ સ્વતંત્રતા દિને દેશના ૯૧૯ પોલીસ અધિકારી કર્મચારીઓને રાષ્ટ્રપતિ મેડલ્સ એનાયત કરવાની ઘોષણા કરવામાં આવી છે. દેશભરના ૯૧૯ પૈકી ગુજરાત રાજયના ૩ સિનિયર આઈપીએસ ઓફીસરને વિશિષ્ટ સેવા બદલ તેમજ ૧૬ પોલીસ અધિકારી-કર્મચારીઓને સરાહનીય સેવા બદલ રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવશે.

વિશિષ્ટ સેવા બદલ શ્રી વિનોદ કુમાર મલ્લ, શ્રી ચિમનલાલ રેવણદાસ પરમાર તથા શ્રી વી.એમ. પારઘીને રાષ્ટ્રપતિ મેડલ મળશે. તે ઉપરાંત સરાહનીય સેવા માટે પોલીસ મેડલ મેળવનારા પોલીસ અધિકારી કર્મચારીઓમાં શ્રી કવેતી લક્ષ્મી નારાયણ રાવ શ્રી રાજેન્દ્ર વલ્લભભાઈ જોટંગીયા, શ્રી પ્રફુલ્લ કુમાર રૌશન, ગાંધીનગર રેન્જ ડીઆઈજીપી શ્રી રાજીવ રંજન ભગત સહીત કુલ ૧૬ પોલીસ અધિકારી-કર્મચારીઓનો સમાવેશ થાય છે.

# આજથી ચાર દિવસ તહેવારોની મોસમ પુરબહારમાં ખીલશે

## આજે સ્વાતંત્ર્ય દિન અને રાંધણ છઠ્ઠ ઉજવાશે : આવતીકાલે શીતળા સાતમે ઠંડુ ખાવાનો રિવાજ પળાશે : રવિવારે જન્માષ્ટમીએ કૃષ્ણ ભક્તિમાં નગરજનો લીન થશે તો સોમવારે પતેતી અને નંદમહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૪

આજે સાંજથી જ ગાંધીનગરાઓમાં મીની વેકેશનનો માહોલ છવાઈ જવા પામ્યો છે અને નગરજનો પરિવાર કે મિત્રો સહિત રજાઓ માણવા બહારગામ ઉપડી ગયા છે. અથવા કોઈ એક સ્થળે એકઠા થઈને તહેવારો ઉજવવાનો પ્લાનીંગ કરી રહ્યા છે. શુક્રવારે સ્વાતંત્ર્ય દિન શરૂ કરીને સળંગ ચાર દિવસ હવે તહેવારો જ તહેવારો છે એ પણ વીક એન્ડની રજા સાથે એટલે ઉત્સહપ્રિય જનતા અત્યારથી જ હરખના હિલોળે ચઢી ગઈ છે અને સાતમ-આઠમના 'શોખીનો' ને ઘી-કેળા મળી ગયા છે.

શુક્રવારે સ્વાતંત્ર્ય દિન અને રાંધણસઠના બેવડા તહેવારના સગંમનો દિવસ છે. સ્વાતંત્ર્યતા દિવસની ઉજવણી તો હવે માત્ર સરકારી પ્રક્રિયા જ બનીને રહી ગઈ છે. બાકી જનતા તો તેને માત્ર ફેસબુક અને વોટસએપ પર જ ઉજવે છે. સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણી શાળાઓ-કોલેજોમાં યોજાય છે. અને તેમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને દેશભક્તિની ભાવના ઉભરી આવે છે. અનેક સંસ્થાઓ દ્વારા સ્વાતંત્ર્યતા દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન થાય છે. અને દિવસભર રેડિયો અને ટીવીમાં દેશભક્તિના ગીતો વાગે છે. સોશ્યલ મીડીયાના પ્રતાપે હવે લોકો રાષ્ટ્રીય તહેવારોમાં થોડો ઘણો રસ લેતા થયા છે. આ શુક્રવારે સ્વાતંત્ર્ય દિનની સાથે રાંધણ છઠ્ઠના તહેવારનું મિલન થયું છે. રાંધણ છઠ્ઠનો તહેવાર ગુજરાતીઓમાં ખૂબ પ્રિય છે. અને આ દિવસે ગુજરાતણો આખો દિવસ બસ રાંધ્યા જ કરે છે. વિવિધ વાનગીઓ અને નાસ્તા તૈયાર કરવામાં તેઓ પોતાની તમામ શક્તિ ખર્ચી નાખે છે. જેનો બદલો તેમને બીજા દિવસે ઠંડુ ખાવાના પ્રોગ્રામથી મળે છે.

શીતળા સાતમના દિવસે ઘરમાં ચૂલો નહી સળગાવવાનો રિવાજ હોવાથી રાંધણ છઠ્ઠના દિવસે બનાવેલું ઠંડુ ખવાય છે. અને હવે ગુજરાતીઓ ઠંડુ ખાવા માટે બહાર જવાનો પ્રોગ્રામ ગોઠવતા થઈ ગયા છે. એટલે પિકનીકનું આયોજન સ્વાભાવિક રીતે જ થઈ જાય છે. શનિવારે આવનારી શીતળા સાતમે વ્રત કરનારી મહિલાઓ શીતળા માતાની પૂજા કરી તેમની કથા પણ સાંભળશે. ત્યારબાદ રવિવારે ભારતના ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓના લાડલા 'કાનુડા'નો જન્મદિવસ જન્માષ્ટમી છે. જેને ગોકુળ આઠમ તરીકે પણ ઓળખવામાં આવે છે. પૂર્ણ પુરુષોત્તમ યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણના જન્મદિને ઠેર ઠેર મેળાઓનું આયોજન કરાય છે. આખો દિવસ ભક્તો ઉપવાસ રાખે છે અને કૃષ્ણભક્તિના ગીતો અને ભજનો ગાય છે. આખુ ભારત આ દિવસે કૃષ્ણભક્તિમાં લીન થઈ જાય છે. આ વર્ષે જન્માષ્ટમીનો તહેવાર રવિવારે આવી રહ્યો છે અને જન્માષ્ટમીની ઉજવણી માટે દેશભરમાં તડામાર તૈયારીઓ કરી દેવાઈ છે. મુંબઈમાં 'દહીંહાંડી' ફોડીને ગોવિંદાના તાલે લોકો મન મુકીને નાચે છે. ગાંધીનગરમાં પણ તમામ મંદિરોમાં જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાય છે. જો કે ઘણા નગરજનો આ દિવસે ડાકોર, કેસરિયાજી, શ્રીનાથજી કે દ્વારકા દર્શન કરવા જવાનું પણ પસંદ કરે છે.

ગોકુળ આઠમના બીજા દિવસે 'નંદોત્સવ' ઉજવાય છે અને ભક્તો તેમના વ્હાલા 'લાલા'ને પારણે ઝુલાવે છે. આ વર્ષે સોમવારે નંદોત્સવના દિવસે પારસીઓનું નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે. એટલે કે પતેતીનો તહેવાર આ દિવસે છે. ભારતની વસ્તીમાં દૂધમાં સાકરની જેમ ભળી જનાર પારસી લોકો આ દિવસે અગિયારીમાં જઈને પ્રાર્થના કરે છે અને એકબીજાને ગળે મળીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. આ વર્ષે આ તહેવારોની હારમાળા તે પણ વીક એન્ડની સાથે આવવાથી નગરજનોમાં 'બહારગામ' જવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. સળંગ રજાઓમાં પરિવાર સાથે ફરવા જવાનો મોકો નગરજનો ચુકવા માંગતા નથી.

### નગરની તમામ હોટલ, ગેસ્ટહાઉસ કે રિસોર્ટ રવિવાર સુધી હાઉસફુલ

ગાંધીનગર અને અમદાવાદના સાતમ-આઠમના 'શોખીનો' અત્યારથી જ તેમની ગોઠવણ ગોઠવીને બેઠા છે. આ દિવસો દરમ્યાન નગરના તમામ ગેસ્ટહાઉસ હોટેલ્સ અને આસપાસના રિસોર્ટનું એડવાન્સ બુકીંગ થઈ જવા પામ્યું છે. 'રમવાના' શોખીન ખેલાડીઓ તેમના શોખમાં કોઈ પણ જાતની ખલેલ ના ઈચ્છતા હોવાથી આ પ્રકારની વ્યવસ્થા અગાઉથી જ ગોઠવી દેવાઈ છે. ગાંધીનગરની આસપાસના તમામ ફાર્મહાઉસ, પાર્ટીપ્લોટ કે રિસોર્ટ પર અમદાવાદ સહિત ગાંધીનગરના નબીરાઓ તેમની બેઠક બુક કરી ચૂક્યા છે. ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં પરિવાર સહિત જન્માષ્ટમી નિમિત્તે રમવાની પ્રથા સાહજિક હોઈ હવે તેનું આગોતરૂ આયોજન કરવામાં આવે છે. એમાં પણ આ વખતે સળંગ રજાઓ મળતા આ શોખીનો બેવડા ઉત્સાહમાં જણાઈ રહ્યા છે.

### ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર સમાચારના કાર્ટુનિસ્ટ અને કલાશ્રી સંસ્થાના સંપાદક શ્રી હરિન ભટ્ટનો આજે જન્મ દિવસ છે.
- ગાંધીનગરની ઈન્ડિયન મેડીકલ એસોસીએશન શાખા અને જિલ્લા પંચાયતના આરોગ્ય તંત્ર દ્વારા 'ઈબોલા અવરનેસ' અંગેનો સેમિનાર ઈન્ફોસિટીમાં યોજાયો હતો.
- સે. ૫ માં ખોડિયાર માતાના મંદિરના પ્રાંગણમાં આજે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્યશ્રી અશોક પટેલ, કાઉન્સિલરો શ્રીમતિ પરાગીબેન પંડ્યા, હંસાબેન મોદી અને માઈભક્તોએ વૃક્ષારોપણ કર્યું હતું.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે સે. ૨૪માં યોજાયેલ સભ્ય નોંધણી કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, અંકિત બારોટ, કાઉન્સિલર હર્ષજીત પંડ્યા, શહેર કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા.
- આજે નાગપંચમીના દિવસે ગાંધીનગરાઓએ ખાજાની ખરીદીમાં બહુ ઉત્સાહ દાખવ્યો ન હતો. જો કે કર્મચારીઓ રજાનો માહોલ હોઈ બહાર જવાના મૂડમાં જણાયા.
- ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાતના મમ્મી સુશીલા થોરાત અને સાસુમા સુમન પાટીલ બન્નેનો ૧૫મી ઓગસ્ટે જન્મદિવસ આવે છે. એમનાં ઘરે દર વર્ષે ધ્વજવંદન થાય છે. ૬૮માં સ્વાતંત્ર દિવસનું ધ્વજવંદન શ્રી મહેન્દ્ર ત્રિવેદી, ચેરમેન પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના હસ્તે કરવામાં આવશે.

# સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રીનો પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, તા. ૧૪

દેશના ૬૮ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અન્વયે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નાગરિકોને વિકાસ પ્રક્રિયાનું સાતત્ય જાળવી એક ભારત શ્રેષ્ઠ ભારત નિર્માણનો માર્ગ પ્રશસ્ત કરવા આહ્વાન કર્યું છે. તેમણે નાગરિકોને પાઠવેલા પ્રજાજોગ સંદેશમાં ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસના જનહિત કાર્યોના રોડમેપ ગુજરાતને સુશાસન મોડલ બનાવવાનો વિશ્વાસ આપ્યો છે. મુખ્યમંત્રી આનંદીબેને આમ નાગરિકોને પાઠવેલા સંદેશામાં વધુમાં જણાવ્યું છે કે ગુજરાતે વર્ષો સુધી અન્યાય સહન કર્યો અવરોધો વેઠ્યા પણ તે બધાનો હવે અંત આવી ગયો છે. ગુજરાતના આ વિકાસમાર્ગને વ્યાપક રીતે રેખાંકિત કરવા વહીવટી પ્રશ્નોની પૂર્તતા સહીત અભિયાનોના જન આંદોલનની કાર્યયોજના અમલમાં મુકી છે. મક્કમ નિર્ધાર અને તેજ ગતિ સાથે ગુજરાતની વિકાસયાત્રાને નવી ઉંચાઈએ પહોંચવાનો પણ તેમણે સંકલ્પ કર્યો હતો. ગુજરાતે મહીલા સશક્તિકરણ અન્વયે પહેલ કરી એક નવતર પ્રયોગ જેન્ડર બજેટ દ્વારા કર્યો છે. મહીલાઓ અને કન્યાઓની વિશેષ જરૂરીયાતને ધ્યાને લઈ શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૌશલ્યવર્ધન અને આર્થિક સશક્તિકરણને લગતી યોજનાઓ અન્વયે ૧૮૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.


# તહેવારોના પગલે કઠોળ, શાકભાજી અને ફળોના ભાવમાં કૃત્રિમ ભાવ વધારો

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકામાં તહેવારોની સીઝનના પગલે કઠોળ અને શાકભાજીના ભાવમાં ઉછાળો આવ્યો છે. ચિલોડા ખાતે શાકમાર્કેટમાં આગામી ચાર દિવસ સળંગ તહેવારો હોવાથી સારા પ્રમાણમાં ઘરાકી જોવા મળી હતી અને તાજા શાકની માંગમાં વધારો થતાં તેના ભાવો ઉંચકાયા હતા.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



એક તરફ પવિત્ર શ્રાવણ માસ તેની ચરમસીમા તરફ ઘસી રહ્યો છે. ત્યારે શ્રદ્ધાળુઓ દ્વારા ઉપવાસમાં ફરાર કરવાના આશયે શાકભાજીની ખરીદીમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વળી આ દિવસોમાં રાંધણ છઠ અને ઠંડુ ખાવા માટે જાણીતો શીતળાસાતમનો પણ તહેવાર આવી રહ્યો હોવાથી કઠોળના ભાવો પણ લગભગ ચારથી પાંચ રૂપિયા જેટલા વધી જવા પામ્યા હતા. કઠોળના ભાવોમાં વટાણા ૬૦ રૂપિયા, મગ ૮૦ રૂપિયા, વાલ ૭૦ રૂપિયા, કાબુલી ચણા ૬૦ રૂપિયા, મઠ ૮૦ રૂપિયા, રાજમા ૯૦ રૂપિયા, ચોળા ૭૦ રૂપિયા, ચણા ૪૦ રૂપિયા અને તુવેર ૭૦ રૂપિયા ભાવે વેપારીઓ વેચી રહ્યા હતા. આ મગદાળનો ૯૫ રૂપિયા, તુવર દાળનો ૭૦ રૂપિયા અને અડદની દાળનો ૮૦ રૂપિયાનો ભાવ બજારમાં ચાલી રહ્યો છે. ફળફળાદિ જેવા કે સફરજન, કેળા, બબુપોચા, દાડમ, રાસબરી અને અન્ય ફળોમાં પણ ભાવોમાં વધારો નોંધાયો હતો. તહેવારોમાં લોકોની માંગને અનુલક્ષીને વેપારીઓ દ્વારા કૃત્રિમ ભાવ વધારો કરાયો હોવાની પણ લોકોમાં ફરિયાદ ઉઠવા પામી રહી છે.

મોંઘાદાટ કઠોળ ઉપરાંત શાકભાજી અને ફળોમાં ભાવવધારા સાથે વેપારીઓએ પ્રજામાં લૂંટ ચલાવી હોવાના આક્ષેપ સાથે શ્રદ્ધાળુઓ હવે ઉપવાસ પણ મોંઘા બન્યા હોવાનું જણાવી રહ્યા છે. એક તરફ ગ્રામ્ય વિસ્તારમાં ખેતરો ખરીફ પાકથી લહેરાઈ રહ્યા છે ત્યારે બીજી તરફ બજારમાં ભાવો વધતા જાય છે. ત્યારે આગામી દિવસોમાં હજુ શ્રાદ્ધપક્ષ, નવરાત્રી અને ત્યારબાદ દિવાળીના તહેવારો પણ આવી રહ્યા હોઈ લોકોમાં મોંઘવારીના ખોફના કારણે ઉત્સવો ફીકા પડી જાય તો નવાઈ નહી.

## આજે ધનસુરા તાલુકા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ નવલપુર શાળા ખાતે યોજાશે

ધનસુરા, તા.૧૪

ધનસુરા તાલુકા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ નવલપુર પ્રાથમિક શાળા ખાતે જયારે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ આજે સવારે ૯ કલાકે યોજાશે.

સમગ્ર દેશમાં ૬૮માં સ્વાતંત્ર્ય પર્વને લઈ દેશવાસીઓમાં અનોખો ઉત્સવ જોવા મળી રહ્યો છે. ઠેર ઠેર દેશભરમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. આજે ધનસુરા તાલુકા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ નવલપુર પ્રા. શાળા ખાતે નાયબ કલેકટર સિધ્ધિબેન પટેલના હસ્તે યોજાશે જયારે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ મેઘરજ ખાતે અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટના હસ્તે યોજાશે. ઉપરાંત વિવિધ રંગારંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ કરવામાં આવશે.

# ધનસુરા કોલેજમાં રક્ષાબંધન પર્વ ઉજવાયું

ધનસુરા, તા.૧૪

મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત ધનસુરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિમેન્સ ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું.

ધનસુરા પ્રદેશ એજયુકેશન સોસાયટી સંચાલિ ધનસુરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે રક્ષાબંધન પર્વની ભારે હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કોલેજની વિદ્યાર્થીનીઓએ ધનસુરા પોલીસ મથકના પી.એસ.આઈ. આર.જી. બારોટ સહિત પોલીસ કર્મીઓ કોલેજ સ્ટાફના કર્મીઓને રાખડી બાંધવામાં આવી હતી. જયારે પોલીસ ભાઈઓ દ્વારા કોલેજની વિદ્યાર્થીનીઓને ભેટ આપવામાં આવી હતી. ઉપરાંત અંજલિ હોસ્પિટલના મેનેજીંગ ટ્રસ્ટી અનિતાબેન શાહે કિશોરાવસ્થામાં પોષણની જરૂરિયાત વિષય પર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. કોલેજના આચાર્ય પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે રક્ષાબંધનનું મહત્વ સમજાવી બહેનોને સર્વાંગી રીતે સશકત થવા વિશે વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન પારૂલબેન સોની જયારે આભારવિધિ પ્રો. પલ્લવી ત્રિવેદીએ કરી હતી.

## ખેડબ્રહ્મા સિવિલમાં સારવાર દરમ્યાન મોત

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા ખાતે ગતરાત્રીએ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા કાલોલના રહેવાસી મોહનભાઈ રાજસિંહ (ઉં.વ.૪૦)ને રાત્રીના સમયે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને સારવાર દરમ્યાન ગુરૂવારના રોજ બપોરે ૧૨ વાગે મરણ જતા જનરલ હોસ્પિટલના ડૉ. ડી.વાય. ત્રિવેદીએ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતા અકસ્માતે મોત થતા ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.



શ્રી હરિવલ્લભદાસ કાળીદાસ (એચ.કે.) આર્ટસ કોલેજ આશ્રમ રોડ ખાતે ૧૩-૮-૨૦૧૪ના રોજ ૧૦-૦૦ કલાકે લોક સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના મહ્ત્વ વિષે શ્રી યોગેશભાઈ ગઢવી (યુવા સાંસ્કૃતિક અને નાટય વિભાગના ચેરમેન ગુજરાત રાજય)નો પ્રવચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પ્રિન્સીપાલ સુભાષ બ્રહ્મભટ્ટ પણ હાજર હતા. (તસવીર : ગોપાલ પટેલ)

## મધુર ડેરી ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મધુર ડેરી ખાતે આજે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવશે. મધુર ડેરીના પ્રાંગણમાં ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણાના હસ્તે સવારે ૮.૩૦ વાગે ધ્વજ ફરકાવવામાં આવશે. તેમજ ધ્વજવંદન બાદ દર્શનાબેન ભટ્ટ દ્વારા શિવતાંડવ અને જે.પી. ઓઝા ગૃપ દ્વારા ભક્તિ સંગીત કાર્યક્રમ યોજાશે.

# મેત્રાલની આર્ડેકતા ઈન્સ્ટીટયુટમાં ચિંતન શબિરિ યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૧૩



ખેડબ્રહ્મા તાલુકાના મેત્રાલ ગામની આર્ડેકતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે બે દિવસીય તાલુકા ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ જેટલા કર્મચારીઓએ ભાગ લીધો હતો આ ચિંતન શિબિરમાં તાલુકાના વિકાસ અને સુખાકારી માટેના વિષયો ઉપર જુથ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વારસાગત હુન્નરમાં કુશળતા બાબતે પ્રેઝન્ટેશન દરેક સ્કૂલમાં શૌચાલય-પીવાના પાણી સહીતના છ વિષયો માટે છ ટીમોનું ગઠન કરી જુથ ચર્ચા કરવામાં આવી હતી. દરેક ટીમમાં છ કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બુધવારે સવારે યોજાયેલ સમાપન સમારંભમાં જિલ્લા કલેકટર બંછાનિધિ પાની-પ્રાયોજના વહીવટદાર કે.એસ. વસાવા-પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતિ-મામલતદાર એચ.એન. મોદી-ટીડીઓ કે.જે. પટેલ તથા આર્ડેકતા ઈન્સ્ટીટયુટના ડાયરેકટર આર.ડી. પટેલ સહીત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભની શરૂઆતમાં સ્વાગત ટીડીઓ કે.જે. પટેલે કર્યું હતું. જયારે સંચાલન પિયુષ જોષીએ કર્યું હતું. પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતિએ તાલુકામાં સ્પોર્ટ સંકુલ માટે ૧૦૦ એકર જમીન તથા એનીમલ હોસ્ટેલ માટે પ્રયત્નો ચાલુ હોવાની જાણકારી આપવામાં આવી હતી.

## હિંમતનગરની મદ્રેસા શાળાને પુરસ્કાર એનાયત

હિંમતનગર, તા. ૧૪

"મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધી' યોજના અંતર્ગત ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરવા બદલ સાબરકાંઠા જિલ્લાની મદ્રેસા હાઈસ્કૂલ, હિંમતનગરને શિક્ષણમંત્રી દ્વારા રૂ. ૧૧,૦૦૦ અંકે રૂપિયા અગિયાર હજારનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. સંસ્થાની આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ ગુલામમૌહયુદ્દીન હરસોલીયા, મંત્રી અલ્તાફહુસેન સાબુગર, શાળાના કન્વીનર અ. હકીમ હરાદવાલા અને શાળાના આચાર્યે ઝહુરએહમદ મુતવલ્લીએ સૌ સ્ટાફ પરિવારને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરનાર શ્રી પટેલની ગણિત પ્રત્યેની રૂચિ પણ પ્રશંસનીય રહી છે અને તેમને રાજ્ય સરકારના પાઠ્યપુસ્તક મંડળે ધો. ૭ ના ગણિત વિષયના સમીક્ષક તરીકેની જવાબદારી પણ સોંપી હતી.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસીડેન્ટ અને કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે (સરદાર)આ બન્ને શિક્ષકોની પસંદગીને વધાવતાં જણાવ્યું હતું કે સરસ્વતીની સાધના એ શ્રેષ્ઠ સાધના છે. તેમણે આ બન્ને શિક્ષકોને અભિનંદન આપતાં જણાવ્યું છે કે આજે પિતૃતર્પણનો શ્રેષ્ઠ દિવસ છે અને શિક્ષણને પોતાની જનેતા માનનાર આ બન્ને શિક્ષકોએ સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦